# આજે શહીદદિનની નહીં, પણ જરૂર છે શહીદ સપ્તાહની

શાળા કોલેજોમાં ટ્રેડિશનલ ડે કે વેલેન્ટાઇ ડે જેટલા ઉત્સાહથી ઉજવવામાં આવે છે...જે રીતે ઉજવવામાં આવે છે, જેટલી પૂર્વતૈયારી કરવામાં આવે છે...આ દિવસો માટે વિદ્યાર્થીઓમાં જેટલી પ્રતિક્ષા હોય છે તેટલી બાબતો ગાંધી જયંતિ, બાલદિન, શિક્ષકદિન, શહીદદિન, સ્વાતંત્ર્યદિન માટે કેમ નથી? આમ થવાથી આજની અને ભાવિ પેઢી પર થનારી અસરો અંગે આપણે ચિંતિત લાગતાં નથી. સરકાર દ્વારા ૧૮૫૭ થી સુંભાષ સુધીના બનાવો દેશભરમાં ઉજવીને જાગૃતતા લાવવાના પ્રયત્નો થઇ રહ્યાં છે.

આપણો ભારતોનો વારસો-સંસ્કૃતિ ગૌરવવંતા છે. વારસા-સંસ્કાર અને સંસ્કૃતિમાંથી પ્રેરણા લઇ વ્યક્તિ ઘણું શીખી શકે છે. પોતાનું અને પોતાના સમાજનું ઘડતર કરી શકે છે.સંસ્કૃતિ એ તો માનવીને જીવનનો રાહ બતાવનાર સાચો શિક્ષક છે. ત્યારે દરેક પેઢી પાસે પોતાની સંસ્કૃતિનું સાચું દર્શન કરવાવાની જવાબદારી જૂની પેઢીના માથે જ આવે તે સ્વાભાવિક છે. આમ કરવામાં નિષ્ફળ જનાર સમાજ અંતે પોતાના મૂલ્યોની સાથે દફન થઇ જાય છે. આ માટેના પ્રયત્ન દરેક પેઢી કરતી જ હોય છે, આમ છતાં ક્યારેક કચાશ પણ જોવા મળતી હોય છે. ત્યારે એ કચાશને દૂર કરવા માટેના પ્રયત્નોને સહકાર આપવો એ શાણા અને પ્રગતિશીલ સમાજની નિશાની છે. જે આપણે નિભાવવી રહી. આજે ભારતીય વારસો, સંસ્કૃતિ, આઝાદીની લડતની ઘટનાઓ અને તેના સંસ્કાર ભૂલાતા જાય છે. કેટલા વિદ્યાર્થીઓ કે કોલેજીયનોને કેટલી બાબતો યાદ છે અને કેટલી બાબતોનું ગૌરવ છે? હા...પાઠયપુસ્તકને કારણે કેટલીક ઘટનાઓ કે વ્યકિતઓ વિશેનું જ્ઞાન પ્રાપ્ત થયું હશે, પણ માત્ર જ્ઞાન આપવા કે લેવાથી નહીં ચાલે. તે ઘટના કે વ્યક્તિઓમાંથી પ્રેરણા લઇને નવીન સમાજની રચનામાં તે બાબતોને લગાડવી પડશે. ભારતના ઇતિહાસે ઘણી ચડતી-પડતી જોઇ છે. કશુંક મેળવવાં કશુંક ગુમાવ્યું છે. પરસેવો અને લોહી રેડીને પ્રાપ્ત થતી વસ્તુ કે બાબતની કિંમત અનન્ય છે. જેને માત્ર સાચવવાની જ નથી, સુધારવાની પણ છે. આ માટે સંસ્કાર રેડવાનું કામ અન્ય કોઇ માધ્યમ કરતાં શાળા-કોલેજ વધુ સારી રીતે અને પરિણામલક્ષી કરી શકે. પણ અફસોસ એ વાતનો કે તેમાં આજની શાળા-કોલેજને નિષ્ફળ જણાતી લાગે છે. કેટલીક શાળાઓમાં દેશદાઝ ઉજાગર કરવા માટે કેટલાક દિન ઉજવવા માટેના પ્રયત્નો પણ થાય છે, પણ તે પ્રયત્નો અધકચરા હોય છે. પ્રાર્થનાસભામાં જે તે દિવસ વિશેની વાત બે -પાંચ મિનિટ માટે કરીને સંતોષ માનવામાં આવે છે. જેની યોગ્ય નોંધ ભાગ્યે જ કોઇ બાળક લેતું હોય છે. આ માટેના પ્રયત્નો શાળા-કોલેજો કરતાં તો પ્રચાર માધ્યમો સારી રીતે કરતાં હોય તેવું લાગે છે. ત્યારે સરકારે રાષ્ટ્રીય ભાવના જાગૃત કરવા નક્કી કરેલ કાર્યક્રમને વધાવી લઇ શાળા-કોલેજોએ અનન્ય ફાળો આપવો જ રહ્યો. આજના સંજોગો, પરિસ્થિતિ જોતાં આ કામ યોગ્ય આયોજનપૂર્વક થાય તેમ કરવું રહ્યું. શરૂઆતના વર્ષોમાં માત્ર એક જ દિવસ શહીદદીન ઉજવવાથી ચાલતુ હતું, પણ અત્યારે હાલમાં વિદ્યાર્થી-કોલેજીયનોના જ્ઞાન-ભાવના જોતાં સહીદસપ્તાહ ઉજવવાની જરૂર હોય તેમ લાગે છે. આમ કરવાથી નીચેના જેવા હેતુઓની પૂર્તિ થશે.

બાળકોમાં દેશભાવના જાગૃત થશે. તેમનામાં રાષ્ટ્રીય એકતાનો વિકાસ થશે. ભારતની આઝાદીનો ઇતિહાસ જાણશે અને તેમાંથી પ્રેરણા લેશે. બાળકો ભારતીય સંસ્કૃતિનું સરક્ષણ, સંવર્ધન અને સંક્રમણ કરે.પોતાના વરસા માટે ગૌરવ લે. બાળકોમાં રાષ્ટ્ર કાજે કશુંક કરી છૂટવાની ભાવના કેળવાય, ભારતીય ઇતિહાસ અને ભૂગોળની ગૌરવકથા જાણે, ઐતિહાસિકપાત્રો-શહીદો સાથે તાદાત્મ્ય કેળવે, દેશ માટે ખપી જનાર શહીદોના

ગૂણો-લાક્ષણિકતાઓને પોતાના જીવનમાં ઉતારે. આવા અનેક હેતુઓની પૂર્તિ શાળા-કોલેજોના એક સપ્તાહના કાર્યક્રમ ઉજવવાથી થશે માત્ર એક દિવસ ઉજવવાથી નહીં થાય. માહિતી આપી છટકી નથી જવાનું, પણ સંસ્કારની સ્થાપના કરવાની છે.

૯ મી ઓગષ્ટને શહીદદિન તરીકે ઉજવતી વખતે માત્ર તે જ દિવસ પૂરતો કાર્યક્રમ નકકી ન કરતાં આખું સપ્તાહ ઉજવવું જોઇએ. ૧૮૫૭ ને અંગ્રેજો ભલે બળવો કહેતાં હોય, પણ આપણે તો તેને સ્વાંત્ર્યની લડત તરીકે જ જોવાની છે. ૧૮૫૭ થી ભારતને આઝાદી મળી ત્યાં સુધી ભારતવાસીઓએ કરેલા પ્રયત્નો અને તે માટે સામનો કરેલ મુશ્કેલીઓનો ચિતાર બાળકો સામે મૂકવાનો છે. આ માટે કેટલીક બાબતો તેમના પાઠ્યપુસ્તકમાં હશે.. જેમકે, બંગાળાના ભાગલા(૧૯૦૫), હોમરૂલ આંદોલનો(૧૯૧૬), રોલેટએક્ટ(૧૯૧૯), જલિયાંવાલા બાગનો હત્યાકાંડ(૧૯૧૯), અસહકારનું આંદોલન(૧૯૨૦), સ્વરાજ્ય પક્ષ(૧૯૨૩), સાયમન કમિશન(૧૯૨૭), બારડોલી સત્યાગ્રહ(૧૯૨૮), નહેરુ રિપોર્ટ(૧૯૨૮), પૂર્ણરાજ્યનો ઠરાવ(૧૯૨૯), દાંડીકૂચ(૧૯૩૦), ગોળમેજી પરિષસો(૧૯૩૦-૩૨), કોમી ચૂકાદો અને પૂણે કરાર(૧૯૩૨), પ્રાંતિક સ્વરાજ્ય(૧૯૩૫), હિંદછોડો આંદોલન(૧૯૪૨), આઝાદ હિંદફોજ(૧૯૪૩), વેવેલ યોજના(૧૯૪૫), નાવિકોનો બળવો(૧૯૪૬), પણ માહિતી સમાવિષ્ટ કરવાની પાઠ્યપુસ્તકની મર્યાદા સ્વીકારીને અન્ય માહિતી વિદ્યાર્થી સામે રજૂ કરવી પડશે. પાઠ્યપુસ્તકમાં નામી શહીદો કે ચળવળના નેતાઓના નામ-કામની માહિતી હશે જ. તમે પણ  નાના સાહેબ, મૌલવી અહમદ શાહ, લક્ષ્મીબાઇ, કુંવરસિંહ, તાત્યા ટોપે, લોકમાન્ય ટિલક, જવાહર, સુભાષ, ગાંધી, સરદાર, મૌલાના, ગોખલે, વાસુદેવ ફડકે, ચાપેકટ બંધુ, ભગતસિંહ, બારિન્દ્રઘોષ, ખુદીરામ બોઝ, પ્રફૂલ ચાકી, સાવરકર, વિનોબા ભાવે જેવા અનેક નેતા અને શહીદોથી થોડા પરિચિત હશો જ. પણ જેમ સૈન્ય વગરનો સેનાપતિ યુદ્ધ જીતી ન શકે તેમ આ નેતાઓ પાસે પણ તેમને મદદરૂપ થનાર, તેમની લડતમાં હાથમાં હાથ અને ખભેખભો મિલાવનાર અનામી શહીદો હતા કે જેમને યાદ કરવા જ રહ્યાં..તેમના વિશેની માહિતી મેળવવાની છે અને આપવાની છે. આ માટે વિદ્યાર્થીઓના જ વિસ્તારની માહિતી હોય તો તે અતિ ઉત્તમ ગણી શકાય. આ માટે નીચેના જેવા કાર્યક્રમો શાળા કોલેજોમાં કરવામાં આવે તો સારાં પરિણામો મળવાની શક્યતામાં વધારો થશે.

આખા સપ્તાહ દરમિયાન શૌર્યગીતો અને દેશભક્તિના ગીતો પ્રાર્થના સભામાં ગવાય. શાળા-કોલેજમાંથી રેલી અને સરઘસ કાઢવામાં આવે. સાથે સૂત્રોચ્ચાર થતાં હોય. વિવિધ વિષયો પર  વકતૃત્ત્વ સ્પર્ધા યોજી શકાય. સમૂહમાં લઘુનાટકો અને એકપાત્રીય અભિનય કરાવી શકાય. સંવાદ હરીફાઇ પણ રાખી શકાય. માહિતીખાતામાંથી અન્ય માહિતી મેળવીને પ્રદર્શન યોજી શકાય. દેશભકિત માટે વખણાયેલ ફિલ્મ બતાવી શકાય. બુલેટીન બોર્ડ પર વિવિધ માહિતી અને ચિત્રો મૂકવામાં આવે, સારું પ્રદર્શન યોજી શકાય. શાળા-કોલેજમાં મહાનુભાવોને આમત્રિ તેમની મુલાકત યોજી સંવાદો કરવામાં આવે તેમજ વકતવ્ય અપાવવામાં આવે. વેશભૂષાનો કાર્યક્રમ કરી શકાય. શાળા-કોલેજની દિવાલ કે બોર્ડ પર ચિત્રો-પોસ્ટર લગાવી શકાય. ચિત્ર હરીફાઇ રાખવી જેમાં વિષયો સ્વાતંત્ર્ય સંગ્રામના જ હોય. બાળકો દ્વારા સ્વાતંક્ષ્ય સંગ્રામ અને આઝાદીની ઘટનાઓનું વર્ણન જાહેરમાં કરાવી શકાય. આવા અનેક કાર્યક્રમો દ્વારા શહીદસપ્તાહ ઉજવવું જોઇએ. તો જ શાળા-કોલેજોએ તેમની ફરજ યોગ્ય રીતે બજાવી સાચા અર્થમાં વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય જાગૃતિના પ્રયત્નો કર્યા કહેવાશે, શહીદોને સાચા અર્થમાં ભાવાંજલિ અર્પિ કહેવાશે. તો આવો આપણે સૌ આ સપ્તાહને શહીદસપ્તાહ તરીકે ઉજવીએ.